ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં આજ-કાલ કેસર કેરીનું ધૂમ વેચાણ

ગાંધીનગર, તા.૨૧

કેરીને ફળોમાં રાજા ગણવામાં આવે છે, નાના બાળકથી લઈને મોટેરાઓમાં કેરી પ્રિય હોય છે. કેરી પણ અલગ-અલગ પ્રકારની આવે છે. ગુજરાતના નાગરીકોની પહેલી પસંદ કેસર કેરી છે. ત્યારે શહેરના બજારમાં પણ કેસર કેરી ઓન ડિમાન્ડ છે, રોજની હજ્જારો કિલો કેસર કેરી સહિત અન્ય પ્રકારની કેરીઓ શહેરના બજારમાં ઠલવાય છે. પરંતુ ગીર તલાળાની કેસર કેરી નગરના સ્વાદના શોખીન રસિયાઓની પહેલી પસંદ બની છે. શહેરના બજારમાં કિલોના રૂ.૭૦ થી ૮૦ ના ભાવે વેચાણ થતી કેરીઓ નાગરીકો હોંશે હોંશે ખરીદી રહ્યા છે. નગરમાં રોજની લાખો રૂપીયાની કેરીઓ વેચાય છે. ત્યારે રાજયના કૃષિ વિભાગ દ્વારા ખાસ કૃષિ ભવન ખાતે કેસર મહોત્સવનું આયોજન કરાય છે જેમાં ખેડુતો કેરીના વેચાણ માટે આવે છે. જેમાં નાગરીકોને સારી અને યોગ્ય ભાવમાં કેરી મળી રહે છે પરંતુ આ વર્ષે કેસર મહોત્સવનું આયોજન ન થતા કેસરકેરીના પ્રેમીઓમાં નારાજગી પ્રવર્તી છે. કેસર કેરી મોંઘી હોવાથી બદામ, પાયરી અને તોતા કેરી પણ નાગરીકોમાં હોટ ફેવરીટ છે.

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ કેરીના શોખીન સ્વાદના રસીયા કેરની આગમનની રાહ જોઈને બેઠા હોય છે. જયારે બજારમાં કેસર કેરી આવતા જ નાગરીકો લિજ્જત માણતા હોય છે. જો કે આ વર્ષે એક



માસ કેરી વહેલી આવી હોવાનું વેપારીઓનું કહેવું છે. જયારે આંબા પર લટકી રહેલી કેરીઓમાં હાક કેરી ન પડી હોવા છતા કેટલાક વેપારીઓએ આંબા પરની કેરીઓ ઉતારી લઈને કાર્બાઈડથી પકવતા કેરી શ્યામ અને ચીમડાઈ ગયેલી નજરે પડે છે. જયારે સૌરાષ્ટ્રમાં ગીર-તાલાળાની કેરી વખણાય છે બાકી અમરેલી, ધારી, વંથલી, કોડીનાર, ઉના સહિત વલવાડ પંથકમાં કેરીઓનું ઉત્પાદન થાય છે. જયારે વલસાડ અને વંથલીની કેશર કેરી આવતા માર્કેટમાં ભાવમાં ઘટાડો નોંધાય છે. જયારે સૌથી પાછળ જુન માસમાં કચ્છની કેસર કેરી આવે છે પરંતુ આ વર્ષે નગરના બજારમાં કચ્છની કેસર કેરીનું આગમન થઈ ચુક્યું છે. શહેરના બજારોમાં કેસર કેરી કિલોનો ભાવ રૂ. ૬૦ થી ૮૦, બદામ કેરીનો ભાવ રૂ. ૫૦ થી ૭૦ સહિત તોતા કેરી રૂ. ૩૦ થી ૫૦માં વેચાઈ રહી છે. જયારે નાગરીકો કેસર કેરીનું૯ કિલોનું બોક્ષ છુટક ભાવ કરતા સસ્તુ પડતુ હોવાથી વધુ ખરીદી છે. જયારે બજાર કરતા પણ શહેરના માર્ગો પર ઠેરઠેર કેરીઓના વેપારીઓ બોક્ષ ગોઠવીને વેપાર કરતા નજરે પડે છે. જયારે સ્વાદના શોખીન નગરજનો હોંશે હોંશે કેરીઓની ખરીદી કરી રહ્યા છે. નગરમાં રોજની લાખો રૂપીયાની હજ્જારો કિલોની કેરીઓનું વેચાણ થાય છે. જેને પગેલ કેસર કેરી અત્યારે હાલ નગરમાં ઓન ડિમાન્ડ જોવા મળી રહી છે.

# એરપોર્ટ થી મહાત્મા મંદિર સુધી ૧૦૮ ની છ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેવાના છે. ત્યારે ગાંધીનગર શહેરને સોળે શણગાર કરવામાં આવી રહ્યા છે. મહાત્મા મંદિર ખાતે તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યા છે. જિલ્લાનું વહીવટી તંત્ર કામગીરીમાં વ્યસ્ત બની ગયું છે. શહેરમાં મીની વાઈબ્રન્ટ જેવો માહોલ ઉભો થવા પામ્યો છે. ત્યારે શહેરમાં વિદેશી મહેમાનો આવતા હોવાથી આરોગ્યલક્ષી જવાબદારી પણ વિશેષરુપે વધી જાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીએમના આગમનને પગલે બેઝ હોસ્પિટલ તેમજ મહાત્મા મંદિર ખાતે પણ આરોગ્યની ખાસ સુવિધા ઉભી કરાઈ છે. જેમાં મેડીકલ ઓફિસર જરુરી દવાઓ સહિત હાજર રહેશે. તો બીજીતરફ એરપોર્ટથી મહાત્મા મંદિર સુધી ૧૦૮ ની ૬ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે આયોજીત આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમ પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહેવાના છે. જેને પગલે ગાંધીનગર જિલ્લાના તમામ વિભાગોના અધિકારી-કર્મચારીઓ તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં પણ ખાસ વીવીઆઈપી વોર્ડ, ચાર થી વધુ મેડીકલની ટીમ સહિત બેઝ હોસ્પિટલની સુવિધા ઉભી કરાઈ છે. તે ઉપરાંત ૧૦૮ની છ એમ્બ્યુલન્સ એરપોર્ટથી મહાત્મા મંદિર ખાતે તૈનાત રાખવામાં આવી છે. જેમાં એરપોર્ટ ૧, કોબા-૧, ચ-૦-૧, ચ-૨-૧ તેમજ મહાત્મા મંદિર ખાતે ૨ એમ્બ્યુલન્સ સતત સેવામાં હાજર રહેશે.

# સે-૧૫ ફતેપુરામાં દેશી દારૂના પીઠાઓ પર દરોડા

## ત્રણ સ્થળે દરોડા પાડી ૧૯ લીટર દેશી દારૂ સાથે ચારની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૧૫ ફતેપુરા ખાતે દેશી દારૂના પીઠાઓ હજુ ચાલતા હોવાની માહિતી એલસીબી અને એસઓજીને મળતા ફતેપુરામાં ત્રણ પીઠાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ત્રણ સ્થળે દરોડા પાડી ૨૧ લીટર દેશી દારૂ જપ્ત કરી બે મહિલાઓ સહિત ચાર બુટલેગરની ધરપકડ કરી લઈ સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ અને એસ.ઓ.જી. પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમે બાતમીને આધારે આજે સેકટર-૧૫ ફતેપુરામાં દેશી દારૂના અડ્ડાઓ ઉપર સંયુકત દરોડા પાડયા હતા. ત્રણ સ્થળેથી દેશી દારૂની પોટલીઓ મળી આવી હતી. એક અડ્ડા પરથી ૧૨ લીટર, બીજા અડ્ડા પરથી ચાર અને ત્રીજા અડ્ડા પરથી પાંચ લીટર મળીને કુલ ત્રણ દરોડામાં ૨૧ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી, એસઓજીની ટીમે દેશી દારૂનો જથ્થો જપ્ત કરી લઈને ફતેપુરાની બે મહિલાઓ મંજુ બળદેવ ઠાકોર, કોકીલા રમેશ ઠાકોર તથા મહોબત માલાજી ઠાકોર અને ભરતજી ચતુજી ઠાકોર મળી ચાર શખ્સોની ધરપકડ કરી સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# ગાંધીનગરના માળી રામી સમાજની શિક્ષણ શિબિર યોજાઈ

## તેજસ્વી તારલાઓ-વડીલોનું સન્માન કરાયું : સમાજની ડિરેકટરીનું વિમોચન કરાયું







ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે આજે શહેરના માળી રામી સમાજ દ્વારા સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિકસતી જાતિ આયોગના ગાંધીનગર જિલ્લા નાયબ નિયામક એમ.પી. ઠાકર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ શિબિરમાં સમાજના તેજસ્વી તારલાઓ તથા વરિષ્ઠ વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજની ડિરેકટરીનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

માળી રામી સમાજ ગાંધીનગરના સમાજ શિક્ષણ શિબિરનું ઉદઘાટન દિપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન એમ.પી. ઠાકરે માળી-રામી સમાજને સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતગાર કરી તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિકસતી જાતિ આયોગની તમામ યોજનાઓ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સહિતની યોજનાઓની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ સાથે તેમણે સમાજના યુવાનોને વ્યસનથી દૂર રહેવા શિખામણ આપી હતી. તેમણે સમાજના હોદેદારોને પણ સમાજમાંથી રીતરિવાજોના નામે કરાતા ક્રિયાકાંડોને ત્યજવા પહેલ કરવા અનુરોધ કર્યો હતો તથા સમાજના સભ્યોને દેખાદેખીમાં લગ્નપ્રસંગોએ ખોટા ખર્ચા નહીં કરવા શીખ આપી હતી.

સમાજ શિક્ષણ શિબિરમાં બપોરના ભોજન બાદ સમાજના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા તથા સમાજના ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોને વંદન સાથે શાલ ઓઢાડી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં માળી-રામી સમાજ ગાંધીનગરની પરિચય પુસ્તિકા-ડિરેકટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ રામીના નેતૃત્વ હેઠળ વ્યવસ્થાપક કમિટિએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં સમાજના પ્રતિભાશાળી બાળકોએ ગીત-સંગીત-વકતૃત્વ સહિતની સાંસ્કૃતિક કલાનું પ્રદર્શન કર્યુ હતું. કાર્યક્રમમાં બાળકો-યુવાનો-મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગાંધીનગરના રામી-માળી સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# અડાલજ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા સમસ્ત લેઉઆ પાટીદાર સમાજની વિગતો દર્શાવતા પુસ્તકનું વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતની મહાજાતિ લેઉઆ પાટીદાર સમાજ આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે અડાલજ ખાતે આવીને વસી હતી અને તેમની સાથે જ તેઓ - તેમના કુળદેવી તરીકે ધન-ધાન્યની અધિષ્ઠાત્રી દેવી અન્નપૂર્ણાને સાથે લાવ્યા હતા. આથી વિશ્વના સમસ્ત લેઉઆ પાટીદારો માટે અડાલજ એ સંસ્કૃતિધામ અને આસ્થા સ્થાન ગણાય છે. વેદો, પુરાણો, ઈતિહાસ, લેઉવા પુરાણ અને જાણકારોના મત પ્રમાણે 'માં અન્નપૂર્ણા' લેઉઆ પાટીદારોની કુળદેવી હોવાના અનેક પૂરાવા અને મંદિરો મળ્યા છે. આવી અનેક વિગતો દર્શાવતા પુસ્તકનું વિમોચન શ્રી નરહરિભાઈ અમીનના હસ્તે તા. ૨૩-૫-૨૦૧૭ના રોજ ૭.૩૦ કલાકે મા અન્નપૂર્ણા ધામ, અડાલજ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાવિક ભક્તોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

## @ગાંધીનગર

● કલા ગુર્જરી, જુનિયર સિટીઝન કાઉન્સિલ અને અનંતહર્ષ ભગવાનદાસ મેમો. ટ્રસ્ટના ઉપક્રમે અંતિમધામ, સે-૩૦ ખાતે સાંજના ૭.૩૦ થી ૧૦ કલાક દરમિયાન ભાવનગરની કૃષ્ણકુમાર સિંહજી અંધશાળાના દિવ્યાંગ કલાકારો દ્વારા ભજનોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવશે.

## વાતવાતમાં

● મહાત્મા મંદિરે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમમાં વડાપ્રધાન આવવાના હોવાથી શહેર પોલિસ છાવણીમાં ફેરવાયું છે અને સેન્ટ્રલ વિસ્ટા સહિત શહેરમાં વાઈબ્રન્ટ સમિટ કરતા પણ વધુ રોશની કરવામાં આવી છે. શહેરના નાગરિકો સાંજ પડતા જ પરીવાર સહિત આ અદભૂત રોશનીનો નજારો માણવા ઉમટી પડે છે.

● શહેરમાં અચાનક સાંજના સમયે પડેલા કમોસમી વરસાદમાં રાજમાર્ગો જોખમી બન્યા હતા. શહેરના ઘ માર્ગ પર વરસાદી પાણીના કારણે બે બાઈક ચાલકો લપસી પડયા હતા, સદભાગ્યે તેમને કોઈ ઈજા થઈ નહોતી.

● ગાંધીનગરના વાવોલ સહિતના ગુડા વિસ્તારમાં સાંજના વરસાદ પૂર્વે ફુંકાયેલા પવન દરમિયાન લાઈટો ગુલ થઈ જવા પામી હતી. લાઈટો ગુલ થવાને કારણે આઈપીએલની ફાઈનલ મેચની રાહ જોઈને બેઠેલા ક્રિકેટ રસિયાઓ ચિંતામાં મુકાયા હતા પરંતુ થોડીકવારમાં લાઈટો આવી જતા તેમને હૈયે ટાઢક થઈ હતી.

● ગાંધીનગર જિલ્લા શહેર ભાજપના પૂર્વ કોષાધ્યક્ષ બાબુભાઈ પટેલની કારને અકસ્માત નડયો હતો. કારમાં માત્ર ડ્રાઈવર હતો જેને સામાન્ય ઈજા થતા સારવાર અપાઈ હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**હેતલ નિલેષ પ્રજાપતિ**

**ગાંધીનગર ગમે**
શહેરના સ્થાન અને લોકોનાં મનનું ખુલ્લાપણા ઉપરાંત ભરપૂર લાગણી અને હરિયાળીને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત ઉપરાંત કલા અને સંસ્કૃતિપ્રેમી, ઉત્સવપ્રેમી અને સેવાભાવી નાગરિકો ગાંધીનગર શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, કીપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તેમજ જી ઈ કલબ વગેરે દ્વારા કરવામાં આવતી સેવાની અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
શહેરના યુવાનો તથા યુવતીઓ સમાજસેવાનાં કાર્યોમાં જોડાય તે માટેના પ્રયાસો કરવા જોઈએ એવું મને લાગે છે.

**નગર માટે હું કરી શકું**
વ્યક્તિવિકાસની પ્રવૃત્તિઓ માટે મારું યોગદાન આપવા માટે હું તૈયાર, તત્પર છું.

# મારી પત્ની મારી સાથે રહે તે જ મારી નૈતિક હિંમત

## જીવનમાં અઢળક વિષમ પરિસ્થિતિનો સામનો કરનાર ગાંધીનગરના એક નિઃસંતાન દંપતિની કથની હૃદયદ્રાવક સ્નેહથી ભરેલી છે



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૨૧

કોઈકના મકાનના વાસ્તુપૂજન નિમિત્તે મળેલ નિમંત્રણ પત્રિકામાં શબ્દો વાંચવા મળ્યા હતા કે 'અમે અમારા મકાનને 'ઘર' બનાવવા જઈ રહ્યા છીએ.' ઈંટ-રેતી-સિમેન્ટથી બનેલુ મકાન ગમે તેટલું વૈભવી હોય પરંતુ એ 'ઘર' ત્યારે જ બને છે જયારે તેમાં પ્રેમથી હર્યોભર્યો પરિવાર નિવાસ કરતો હોય અને પરિવાર એ કુટુંબના સભ્યોની સંખ્યા પરથી નથી બનતો પરંતુ સભ્યો વચ્ચેના સંબંધમાં ઉમેરાયેલ લાગણીથી બને છે. તાજેતરમાં જ તા. ૧૫મી મે એ વિશ્વ પરિવાર દિવસ ઉજવાયો હતો. ગાંધીનગરના સેકટર-૧૬માં રહેતા નિઃસંતાન દંપતિના માત્ર બે જણના પરિવારમાં રહેલો સ્નેહનો સંબંધ તેમના જર્જરિત સરકારી મકાનને સાચા અર્થમાં ઘરનું સન્માન આપી રહ્યો છે.

દરરોજ સવારે ૬ વાગે ઉઠી સૌથી પહેલા સરકારી આવાસની અગાશીમાં પોપટ માટે ચણ અને અન્ય પંખીઓ માટે પીવાના પાણીના કુંડા ભરવાનો નિત્યક્રમ ધરાવતા ગૌરાંગ વહિયા નામના ૫૮ વર્ષીય વરિષ્ઠ બેંક કર્મચારી દસ વાગ્યા સુધીમાં તૈયાર થઈ નોકરી પર જાય ત્યાં સુધી તેમના પત્નિ પયસ્વીબેનનો ઘરકામ સાથે સૌથી વધુ સમય પ્રભુની સેવા કરવાનો નિયમ છે. જો કે હાલ ડાયાબીટીશના કારણે કિડનીમાં ગંભીર તકલીફ થવાથી ઓપરેશન બાદ પથારીવશ બનેલા પયસ્વીબેન પાસે માત્ર પ્રભુના નામની માળા જપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. છેલ્લા બે વર્ષથી લોં ડાયાબીટીશનો શિકાર બનેલા પયસ્વીબેનને હજુ ફેબ્રુઆરી માસના પ્રારંભે જ અચાનક તબિયત લથડી હતી અને બેભાન થઈ જવા પામ્યા હતા. ડાયાબીટીશના કારણે તેમની કિડનીમાં ઈન્ફેકશન થતા





તેમનું યુરિનલ બ્લોક થઈ ગયું હતું અને સતત ૩ દિવસ ઉલ્ટીઓ ચાલુ રહી હતી. દિવસમાં દસેક બૉટલ ગ્લુકોઝ તથા અઢળક ઈન્શ્યુલીનના ઈન્જેકશનો અને વિટામીનની ગોળીઓ આપવી પડતી હતી. અંતે તેમને યુરિનલમાં સ્ટેન્ટ લગાડવું પડયું હતું. સતત ૧૭ દિવસ ચાલેલી આ સારવાર દરમિયાન ગૌરાંગભાઈએ દિવસ રાત ૨૪ કલાક તેમની સાથે ઉભા પગે રહી ડોકટરની સૂચના અનુસાર તમામ સેવા ચાકરી નિભાવી હતી. પયસ્વીબેનની જે સ્થિતિ હતી તેમાં સામાન્ય રીતે દર્દીનું મૃત્યુ થઈ જાય અથવા તો તેને પેરેલીસીસ તો લાગુ પડી જાય જ, પરંતુ સમયસરની સારવાર તથા સંભાળને કારણે તેમની સ્થિતિમાં સુધારો આવી જતા તેમને રજા આપવામાં આવી. જો કે હાલ તેઓ શરીરમાં આવેલ અશકિતના કારણે ચાલી શકતા નથી.

શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ અત્યંત ઘટી જતું હોવાથી ગમે ત્યારે ચકકર આવી જાય એવી સ્થિતિ હોવાથી તેમને એકલા ઘરમાં રાખવા ચિંતાજનક છે તેવું જાણતા હોવાથી ગૌરાંગભાઈ સતત તેમની સાથે રહી તેમની તમામ જરૂરિયાતોની સંભાળ રાખે છે. તેઓ જયારે બેંકમાં નોકરી પર જાય તેટલા સમય પુરતું તેમણે પયસ્વીબેનની સારસંભાળ લેવા કેરટેકર બહેન રાખ્યા છે પરંતુ જેવા બેંક પરથી પરત આવે એટલે તેમને છુટા કરી પોતે જ ચાર્જ સંભાળી લે છે. મેં મારી જીંદગીમાં દુઃખના પ્રસંગો જ વધુ જોયા છે તેવું કહેતા ગૌરાંગભાઈને પોતાને વર્ષ ૨૦૧૨માં એનિમિયાની બમારી થતા શરીરમાં હિમોગ્લોબીન માત્ર ૩.૫ ગ્રામ સુધી ઘટી જવા પામ્યું હતું. એક વર્ષ સુધી ચાલેલી તેમની સારવાર દરમિયાન તેમણે ગાંધીનગરનું લગભગ કોઈ દવાખાનું બાકી રાખ્યું નહોતું. આ દરમિયાન તેમના પત્નિએ સતત સાથે રહી તેમની સંભાળ લીધી હતી તે યાદ કરતા તેઓ કહે છે 'તે મારી સાથે રહે તે જ મારી નૈતિક હિંમત છે' અને ગૌરાંગભાઈની વાત પણ સાચી છે જેણે માત્ર ૨૧ વર્ષની ઉંમરે છ માસના ગાળામાં જ પોતાના માતા પિતા અને લાડકવાયી યુવાન બહેનના પતિને ગુમાવ્યા હોય તે બીજું શું કહે? રેલ્વેમાં નોકરી કરતા મૂળ પાટણના દેવીપ્રસાદ વ્હીપાના ચાર સંતાનોમાં ત્રીજું સ્થાન ધરાવતા ગૌરાંગભાઈએ બીકોમ થઈ થોડા વર્ષ ખાનગી નોકરીઓ કરી હતી. વર્ષ ૧૯૮૪માં ગાંધીનગરમાં રહેતા મામા પાસે રહી શહેરની નાગરિક બેંકમાં કલાર્ક-કમ-કેશિયરની નોકરી પ્રાપ્ત કરી હતી. ૧૯૮૭માં તેમના ગાંધીનગરમાં જ રહેતા પયસ્વીબેન સાથે લગ્ન થયા ત્યારે તેઓ અલગ ભાડેથી રહેવા લાગ્યા હતા. આજે પણ સરકારી આવાસમાં રહેતા ગૌરાંગભાઈ પાસે ભલે પોતાનું મકાન નથી પરંતુ તેમના વિસ્તારમાં નાના બાળકને પણ ખબર છે કે ગૌરાંગભાઈનું 'ઘર' કયાં આવ્યું. પયસ્વીબેને પણ લગ્ન પહેલા માતાનો ડાયાબીટીશ તથા બેકપેઈનની મોટી બિમારીના કારણે ૧૫-૧૭ વર્ષ સેવા ચાકરી કરી હતી જેમાં તેમનું શિક્ષણ પણ અધવચ્ચે છુટી ગયું હતું. ગૌરાંગભાઈના મોટા બહેનને માનસિક અસ્થિરતા રહેતી હોવાથી તેમના મોટા ભાઈ રાજેન્દ્રભાઈ તેમની સંભાળ લેતા, આ બહેનના અવસાન બાદ મોટાભાઈ જેઓ અપરિણિત જ રહ્યા હતા તે અમદાવાદ ખાતે એક આશ્રમમાં રહેવા ચાલ્યા ગયા ત્યારથી ગૌરાંગભાઈ અને પયસ્વીબેન એમ બે જણનો જ પરિવાર બનીને રહી ગયો.

આટલી વિષમ પરિસ્થિતિઓમાં પણ ગૌરાંગભાઈની કાર્યમાં નિષ્ઠા એટલી હતી કે ગત એપ્રિલ માસના અંતમાં તેઓ નિવૃત્ત થયા તેના ત્રણ જ દિવસ બાદ બેંકના સંચાલકોએ તેમને વધુ એક વર્ષનું એકસટેન્શન આપી ફરી નોકરીએ લઈ લીધા છે. હાલ બેંકમાં સિનિસર ઓફિસરનો હોદ્દો ધરાવતા ગૌરાંગભાઈ કહે છે બેંકનો સ્ટાફ તથા સંચાલકો હંમેશા મારી પડખે રહ્યા છે અને મને મદદરૂપ બન્યા છે. તેઓ મારો બીજો પરીવાર છે અને એટલે જ તો હજુ તાજેતરમાં તેમની બેંક દ્વારા આયોજિત સ્વૈચ્છિક રકતદાન શિબિરમાં આટલી ઉંમરે પણ તેઓ રકતદાન કરવા પહોંચી ગયા હતા.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com